જ/૬૫૬/લાયસન્સ શાખા/પર્ફોર્મન્સ/જાહેર/૨૦૧૭

પોલીસ કમિશનરશ્રીની કચેરી,શાહીબાગ,અમદાવાદ શહેર,તા:૨૭/૧૨/૨૦૧૭

## ૩૧-ડીસેમ્બર ૨૦૧૭ નવા વર્ષની ઉજવણી બાબતે

## જાહેર નોટીસ

૧. ખુલ્લા પ્લોટ કે જાહેર જગ્યામાં લાઉડ સ્પીકર બોક્ષ ટાઈપના રાખવા અને તમામ સ્પીકરો કાર્યક્રમ વાળી જગ્યાની અંદરની બાજુની દીશા તરફ રહે તે રીતે રાખવા તે ઉપરાંત આજુબાજુના રહીશો માટે ઉપદ્રવનો સ્ત્રોત ન બને તે રીતે લાઉડ સ્પીકરનો અવાજ ઓછો રાખવાનો રહેશે.આ લાઉડ સ્પીકરના ઉપયોગ માટેની મંજુરી નોઈસ પોલ્યુશન એક્ટમાં જણાવ્યા મુજબ લાઉડ સ્પીકરનો અવાજ રાખવો.

૨. કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છીય બનાવ ન બને કે કોઈ અશ્લિલતાનું પ્રદર્શન થવા ન પામે તેની કાળજી રાખવી તથા મહીલાઓનો માન મરતબો જળવાય તે રીતે પાંર્ટીનુ આયોજન કરવાનુ રહેશે. તેમજ કયાંય પણ મહીલાઓને ન છાજે તેવુ વર્તન કે બીભત્સ વર્તન કે પ્રદર્શન થવુ જોઇએ નહી અને કોઇ અનિચ્છનીય બનાવ બનશે તો સઘળી જવાબદારી કાર્યક્રમના આયોજકોની રહેશે.

૩. ખુલ્લા પ્લોટ કે કલબમાં યોજાતા કાર્યક્રમો માટે વાહન પાર્કીગ,કલબ કે પ્લોટની જગ્યામાં થાય તે જોવાની જવાબદારી આયોજકોની રહેશે. કાર્યક્રમવાળી જગ્યાએ વાહન પાર્કિંગવાળી જગ્યાએ પ્રાઇવેટ સિક્યુરીટી ગાર્ડની યોગ્ય પુરતી વ્યવસ્થા રાખવાની રહેશે ટ્રાફીક પ્રવાહને અવરોધરૂપ કે રોડ ઉપર પાર્કીગ થતુ જણાશે તો પરવાનો રદ થવા પાત્ર રહેશે. કાર્યક્રમ માટે જાહેરહિત + જગ્યાનો વિમો અચુક ઉતરાવવો.

૪. કેપીસીટી કરતા વધુ લોકોને ભેગા કરવા નહીં.

૫. ન્યુ ઈયર પાર્ટી દરમ્યાન દારૂ, નશાકારક કે માદક દ્રવ્યો/ હુક્કા જેવી વસ્તુઓનુ ગેરકાયદેસર સેવન કરી શકશે નહી કેફી પદાર્થ કે દારુનુ ગેરકાયદેસર સેવન કરેલી વ્યકિતઓને કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવો નહી. તેમજ આવી કોઈ વ્યકિત કેફી પદાર્થ કે દારુ પીધેલ જણાય તો પોલીસને જાણ કરવાની રહેશે.જો આવી જાણ પોલીસને કરવામાં નહી આવે તો તેના માટે આયોજક અને તેની ટીમ જવાબદાર રહેશે તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

૬. પાર્ટીમાં આવનાર તમામ આમંત્રીતો તથા ડાન્સ કલાકારના નામ સરનામા આઈડી પ્રુફ સહિતની વિતતો એક માસ સુધી સાચવીને રાખવાની રહેશે. તેમજ આ વિગતોની પોલીસને જરુર હશે તો મંગાવી શકશે.

૭.ન્યુ ઈયર પાર્ટીના તમામ પ્રોગ્રામનુ HD CCTV દ્વારા કાર્યક્રમોના entry/exit વાળી જગ્યાએ તેમજ કાર્યક્રમ વાળી અંદરની જગ્યાએ તેમજ વાહન પાર્કિંગવાળી જગ્યાએ એમ અલગ અલગ વિડીયો રેકોંડીંગ કરવાનુ રહેશે અને આ રેકોડીંગની CD જે તે પોલીસ સ્ટેશનમાં બીજા જ દિવસે એટલે કે તા:૦૧/૦૧/૨૦૧૮ ના રોજ જમા કરવાની રહેશે.

૮.ન્યુ ઇયર પાર્ટીમાં ખુલ્લા પાર્ટી પ્લોટમાં રાત્રીના ૧૦/૦૦ પછી સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ માઈક વગાડી શકાશે નહી.

૯. ધ નોઈઝ પોલ્યુશન(રેગ્યુલેશન અને કંન્ટ્રોલ)રુલ્સ-૨૦૦૦ તથા રુલ્સ-૨૦૧૦ તેમજ સુપ્રિમ કોર્ટના આદેશનો ભંગ થયેથી કાર્યક્રમના આયોજક વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેવી

૧૦.ન્યુ ઇયર પાર્ટીમાં કોઈ પણ શંકાસ્પદ વ્યકિત કે બિનવારસી શંકાસ્પદ કોઈ પણ ચીજવસ્તુ/વાહન ધ્યાનમાં આવેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અને City Policecontrol Room (No.100) ને જાણ કરવી .

૧૧. ન્યુ ઈયર પાર્ટીમાં પ્રવેશદ્વાર પર ડોરફ્રેમ મેટલ ડીટેકટર/હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટર તથા બ્રેથ એનાલાઈઝર વગેરેથી તમામે તમામ વ્યક્તિઓનુ વ્યવસ્થિત રીતે ચેકીંગ કરવાનુ રહેશે. આવુ ચેકીંગ પુરુષ અને મહિલા સુરક્ષા કર્મચારીઓથી કરવાનુ રહેશે. અને શંકાસ્પદ વ્યક્તિની શારીરિક ચકાસણી કરવી સલામતી સારુ એન્ટ્રન્સ તથા એકઝીટ દ્વારમાં ભીડભાડ ન થાય તે સારુ મોટા રાખવા તથા અલગ અલગ સ્થળે રાખવા.

૧૨. પ્રવર્તમાન કાયદા, વખતો વખતના જાહેરનામા, પરમીશનની શરતો વિગેરે આયોજક/તેની ટીમ તથા પાર્ટીમાં ભાગ લેનાર લોકોએ પાલન કરવાનુ રહેશે.

૧૩. ન્યુ ઈયર પાર્ટીમાં કાર્યક્રમવાળી જગ્યાએ તથા તેની આજુબાજુમાં પુરૂષ અને મહીલા સુરક્ષા કર્મચારીઓ રાખવા અને કોઇ અનિચ્છનીય ઘટના બને તો તાત્કાલીક પોલીસને જાણ કરવી.

૧૪.પોલીસ અધિકારીને એમ જણાય કે કાયદાનો ભંગ થાય તેમ છે, કાયદો વ્યવસ્થા જોખમાય તેમ છે, વ્યવસ્થા પડી ભાંગે તેમ છે તો હાજર કોઇ પણ પોલીસ અધિકારી કાયદાનો ભંગ નહી કરવા/આવા કૃત્યો નહી કરવા/લાઉડ સ્પીકર બંધ કરવા/પાર્ટી બંધ કરવા મૌખિક હુકમ કરી શકશે અને પોલીસ અધિકારીની હાજરીમાં સુચના, આદેશ ભંગ કરવાની સ્થિતિમાં પોલીસ અધિકારી વિના વોરન્ટ ધરપકડ પણ કરી શકશે.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) મેનેજરશ્રી ગવર્મેંટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેંટ વડોદારા
૨/-ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા સારૂ
(૨) અધિક સચિવશ્રી ગૃહ વિભાગ, ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી જિલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.
(૫) પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી ફોરેસ્ટ અને એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટ, બ્લોક નં. ૧૪, આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર
(૬) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
(૭) રજીસ્ટ્રારશ્રી સીવીલ અને સેશન કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ)
(૮) રજીસ્ટ્રારશ્રી સેશન કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ)
(૯) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા, અમદાવાદ (૨૫ નકલ)
(૧૦) અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દાણાપીઠ, અમદાવાદ શહેર
(૧૧) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટન કોર્ટ, અમદાવાદ શહેર

(૧૨) સીનીયર પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
(૧૩) માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ કરવા સારૂ

નકલ રવાના:

(૧) ખાસ/સંયુક્ત/અધીક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર – ૧ અને ૨, ક્રાઇમ, વિશેષ શાખા,મુખ્ય મથક તથા ટ્રાફિક, અમદાવાદ શહેર.
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી,ઝોન-૧ થી૭/ક્રાઇમ શાખા/ટ્રાફીક/કંટ્રોલરૂમ અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,એ થી એન ડીવી. ક્રાઇમશાખા/S.O.G/ટ્રાફીક/વિ.શાખા અમદાવાદશહેર
(૪) જનસંપર્ક અધિકારી કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રો, દુરદર્શન, આકાશવાણીમાં પ્રસિદ્ધ કરવા સારૂ.
(૫) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક શાખા, અમદાવાદ શહેર (૮ નકલ)
- ટ્રાફિક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાણ કરવ
(૬) તમામ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
જાણ તેમજ અમલ સારૂ તેમજ જાહેરનામાની આપના પો.સ્ટે. વિસ્તારમાં બહોળી પ્રસિધ્ધિ આપવી.